
# વિશ્વ સિંહ દિવસની ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ઉજવણી

**ઉના તાલુકામાં નવીન સફારી પાર્ક બજેટમાં મંજૂર : રાજ્યમાં સિંહોની વસ્તીમાં ઉત્તરોત્તર વધારો-૪૧૧ થી વધીને ૬૭૪ સિંહ : ગીર ઉપરાંત ચોટીલા-સાયલા-અમરેલી-ભાવનગર સહિત ૩૦ હજાર ચોરસ કિલોમિટરનો સિંહ વિચરણ વિસ્તાર : સિંહ દર્શન માટે ગીરમાં ગયા વર્ષે ૮ લાખ પ્રવાસીઓ આવ્યા**







ગાંધીનગર, તા.૧૦

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, રાજ્ય સરકારે સિંહના સંરક્ષણ, સંવર્ધનને પ્રાથમિકતા આપીને લાયન કન્ઝર્વેશન એન્ડ પ્રોટેક્શનની યોજનાઓ તથા પ્રોજેક્ટ્સ અસરકારક અને વ્યાપક બનાવ્યા છે.

મુખ્યમંત્રીશ્રી ગાંધીનગરમાં વિશ્વ સિંહ દિવસ-૨૦૨૩ની ગરિમામય ઉજવણીમાં સંબોધન કરી રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલે આ ઉજવણીમાં બાયસેગના માધ્યમથી સહભાગી થયેલી ૭૪ તાલુકાઓની ૭ હજાર ઉપરાંત શાળાઓ, વન્યપ્રાણી પ્રેમી નાગરિકો, સ્વૈચ્છિક સંગઠનોને રાજ્ય સરકારે સિંહ સંરક્ષણ માટે લીધેલા પગલાઓની વિસ્તૃત વિગતો આપી હતી. વનમંત્રીશ્રી મૂળુભાઈ બેરા તથા રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં આયોજિત આ ઉજવણી અંતર્ગત મુખ્યમંત્રીશ્રીએ સિંહ અંગેની લાયન એન્થમ ફિલ્મનું લોન્ચિંગ કર્યું હતું. આ ફિલ્મનું નિર્માણ રોહન ત્રિવેદીના દિગ્દર્શનમાં એકતા જન્મય ચોકસીએ કરેલું છે. પાર્થ તાજપરાના શબ્દોને બ્રીજરાજ ગઢવીએ કંઠથી અને નિશિત મહેતાએ સંગીત બદ્ધ કર્યા છે.

સિંહના રિયલ ટાઈમ લોકેશન અને તેની મૂવમેન્ટ અંગેની જાણકારી લોકો આપી શકે તે માટે વન વિભાગે તૈયાર કરેલી 'સિંહ સૂચના વેબ એપ' નું લોન્ચિંગ તેમજ ડૉ. સક્કિરા બેગમના પુસ્તક 'ધ કિંગ ઓફ ધ જંગલ - એશિયાટિક લાયન ઓફ ગીર' તથા અરવિંદ ગોસ્વામીના પુસ્તક 'હું ગીરનો સાવજ' નાં વિમોચન પણ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કર્યા હતા.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ગીરના સિંહ પ્રત્યે વિશેષ લગાવ છે તેનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી લાયન એટ ૨૦૪૭-વિઝન ફોર અમૃતકાળના લક્ષ્ય સાથે લાયન પ્રોજેક્ટ શરૂ થયો થયો છે. સિંહોના સંવર્ધન અને સંરક્ષણ માટે આ પ્રોજેક્ટ માટે ૨૯૦૦ કરોડની ફાળવણી વડાપ્રધાનશ્રીએ કરી છે એમ તેમણે ઉમેર્યું હતું.શ્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે, સિંહો માટે બ્રીડિંગ સેન્ટર, આઈસોલેશન સેન્ટર, રેડિયોકોલર, ડ્રોનનો ઉપયોગ અને સિંહ સારવાર કેન્દ્રમાં માળખાકીય સુવિધાઓ વિકસાવવાનું આયોજન આ પ્રોજેક્ટ અંતર્ગત થવાનું છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વન વિભાગના વણથક પ્રયત્નો અને લોક ભાગીદારીથી સિંહ સંવર્ધન પ્રત્યે જાગૃતિ વધી છે. સિંહની વસ્તીમાં પણ ઉત્તરોત્તર વધારો થયો છે અને ૨૦૧૦માં ૪૧૧ સિંહ હતા તે વધીને ૨૦૨૦માં ૬૭૪ થયા છે.

# મારી માટી મારો દેશ અભિયાનમાં જોડાવા રાજ્ય સરકારનો અનુરોધ

ગાંધીનગર, તા.૧૦

ભારતીય સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન શહીદ થયેલા વીરો, સ્વાતંત્ર્ય સેનાનીઓ અને સંગ્રામમાં મહત્વપૂર્ણ યોગદાન આપનારી મહિલાઓને સન્માન સાથે શ્રદ્ધાંજલિ આપવા તથા દેશવાસીઓ રાષ્ટ્રભક્તિના રંગે રંગાય અને રાષ્ટ્રપ્રેમની અભિવ્યક્તિનો અહેસાસ થાય તે ઉદ્દેશ સાથે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવના સમાપન કાર્યક્રમ તરીકે 'મારી માટી મારો દેશ' અભિયાન શરૂ કર્યું છે. જેનો ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાપી ખાતેથી રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો છે.

રાજ્યના યુવાનોમાં રાષ્ટ્રભાવના વધુ ને વધુ બળવત્તર બને એ આશયથી આ અભિયાનમાં સૌ નાગરિકોને સહભાગી બનવા રાજ્ય સરકારે અનુરોધ કર્યો છે. રાજ્યમાં આ અભિયાન હેઠળ યોજાનાર કાર્યક્રમોમાં નાગરિકો હાથમાં મુઠ્ઠીભર માટી અથવા માટીનો દિવો રાખી રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે સામૂહિક પ્રતિજ્ઞા લેવા સંકલ્પબધ્ધ બનવા, તેમજ અમૃતકાળના આ પંચપ્રણની સેલ્ફી https://merimaatimeradesh.gov.in/step વેબસાઈટ પર અપલોડ કરીને રાષ્ટ્રપ્રેમની ભાવનાને વધુ ઉજાગર કરવા માટે સૌ નાગરિકોને સહિયારા પ્રયાસો કરવા પણ અપીલ કરાઈ છે. પંચપ્રણ અંતર્ગત માટીના દીવા સાથે પાંચ પ્રતિજ્ઞાઓ લેવામાં આવે, જેમાં વિકસિત રાષ્ટ્ર માટે પુરુષાર્થ કરવા, ગુલામીની માનસિકતાના નિશાનોને નાબૂદ કરવા, ભવ્ય વારસાનું ગૌરવ અને જતન કરવા, રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે કાર્ય કરવા અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજો પાળવાની પ્રતિજ્ઞાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# પૂર્વ રાષ્ટ્રપતિશ્રી સહિત ત્રણ રાજ્યોના રાજયપાલશ્રીઓ રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની મુલાકાતે

**પ્રાકૃતિક પદ્ધતિના ફળ કમલમ્ અને જામફળની મજા માણી**



ગાંધીનગર, તા.૧૦

પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામ નાથ કોવિંદ અને ત્રણ રાજયોના રાજયપાલ; હરિયાણાના રાજ્યપાલ શ્રી બાંડારુ દત્તાત્રેયજી, પંજાબના ગવર્નર અને ચંડીગઢના પ્રશાસક શ્રી બનવારીલાલ પુરોહિતજી, તથા હિમાચલ પ્રદેશના ગવર્નર શ્રી શિવ પ્રતાપ શુક્લા અને હરિયાણાના કૃષિ મંત્રી શ્રી જે. પી. દલાલજીએ આજે સાંજે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના વતન હરિયાણાના કુરુક્ષેત્રમાં આવેલા પ્રાકૃતિક કૃષિ ફાર્મ અને ગુરુકુળ કુરુક્ષેત્રની મુલાકાત લીધી હતી.

પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામ નાથ કોવિંદે પ્રાકૃતિક કૃષિ ફાર્મ અને ગુરુકુલની મુલાકાત બદલ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે હું ઈચ્છું છું કે, આખો દેશ ધીમે ધીમે પ્રાકૃતિક કૃષિ તરફ વળે. પહેલાં આપણે યુરીયા અને પેસ્ટીસાઈડ્સનો બેફામ ઉપયોગ કર્યો. એ પછી આપણે જૈવિક ખેતી તરફ વળ્યા તેમાં પણ આપણને સફળતા નથી મળી. ભારતની ખેતીની જે મૂળભૂત પ્રાચીન પરંપરા છે તે પ્રાકૃતિક ખેતી છે. પ્રાકૃતિક ખેતીને આપણે શક્ય તેટલી ઝડપથી સ્વીકારીશું તો સમગ્ર દેશને લાભ થશે. ધીરે ધીરે આપણે પ્રાકૃતિક ખેતીને અપનાવી રહ્યા છીએ. શ્રી રામ નાથ કોવિંદે કહ્યું હતું કે, ભારતમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવાનો મોટો યશ ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીને જાય છે.

# આણંદ કલેક્ટરનો મહિલા સાથે કામલીલાનો વીડિયો વાયરલ થયા બાદ નવો ખુલાસો

**છેલ્લા ઘણા સમયથી કલેક્ટર અને અધિક નિવાસી કલેક્ટર વચ્ચે વિભાગ અને અન્ય કામોનાં વહીવટીની ભાગ બટાઈને લઈ વિવાદની ચર્ચા**

આણંદ,તા.૧૦

આણંદના સસ્પેન્ડેડ કલેક્ટરનાં કથિત વીડિયો સામે આવ્યો હતો. ત્યારે ડી.એસ. ગઢવી સુરતમાં ફરજ પર હતા. તે સમગ દરમ્યાન આ વીડિયો સામે આવ્યો હતો. તેમજ કથિત વીડિયો જાન્યુઆરી મહિનામાં બનાવાયો હતો. સસ્પેન્ડેડ કલેક્ટર ડી.એસ.ગઢવીને મળવા મહિલા સુરતથી આવી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. કલેક્ટર અને મહિલાનો અંગત પળોનો વીડિયોનું સ્ટિંગ કરાયું હોવાની ચર્ચા હાલ તો જોર પકડ્યું છે. ત્યારે છેલ્લા ઘણા સમયથી કલેક્ટર અને અધિક નિવાસી કલેક્ટર વચ્ચે વિભાગ અને અન્ય કામોનાં વહીવટીની ભાગ બટાઈને લઈ વિવાદની ચર્ચા ચાલી રહી છે. સમગ્ર વિવાદને લઈ સાથી અધિકારીઓનાં ઈશારે વીડિયો બનાવ્યો હોવાની હાલ તો ચર્ચાએ જોર પકડ્યું છે. અધિકારીની ચેમ્બરમાં સ્પાય કેમેરા કોણે લગાવ્યા એ પણ એક સવાલ છે. ત્યારેૈ છજી કક્ષાનાં અધિકારીની ચેમ્બરમાં આવા કેમેરા લગાવવા ક્રિમિનલ ગુનો છે. ત્યારે સસ્પેન્ડેડ કલેક્ટર ડી.એસ. ગઢવી આ અંગે ફરિયાદ કરી શકે છે. સમગ્ર વિવાદને લઈ સાથી અધિકારીનાં ઈશઆરે વીડિયો બનાવ્યો હોવાની ચર્ચાઓ હાલ તો ચાલી રહી છે. ત્યારે અધિકારીની ચેમ્બરમાં સ્પાય કેમેરા કોણે લગાવ્યા એ પણ એક સવાલ છે. સમગ્ર મામલે મનુ પઢીયાર નામનાં અરજદારે અરજી કરી હતી. ત્યારે સીએમ કાર્યાલય સુધી અરજદારે ફરિયાદ કરી હતી. અરજદાર પાસે કથિત વીડિયો ક્યાંથી આવ્યો એ પણ એક સવાલ છે. અચાનક જ કલેક્ટરનાં વીડિયો અને સસ્પેન્શનને લઈ કલેક્ટર કચેરીમાં સોંપો પડી ગયો હતો. આણંદ કલેક્ટર ડી.એસ. ગઢવીને સસ્પેન્ડ કર્યા બાદ ડીડીઓ મિલિંદ બાપનાને ઈન્ચાર્જ કલેક્ટરનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. ઈન્ચાર્જ કલેક્ટર મિલિંદ બાપનાએ કલેક્ટર ચેમ્બરમાંથી તમામ વસ્તુઓ હટાવી દીધી છે. ચેમ્બરમાંથી તમામ મોમેન્ટે અને ગીફ્ટો પણ હટાવી દીધી છે. માત્ર તેઓની ચેમ્બરમાં માત્ર ૬ ખુરશી સિવાય બાકીનાં બધા ઉપકરણ હટાવ્યા

# સિંગતેલના ડબ્બાનો ભાવ રૂ.૩૧૦૦ને પાર

**સિંગતેલના ભાવમાં વધારો થતાં ગૃહિણી અને સામાન્ય લોકોને ફરી એકવાર મોંઘવારીનો માર સહેવાનો વારો**

અમદાવાદ,તા.૧૦

રક્ષાબંધન, જન્માષ્ટમી જેવા તહેવારો નજીક આવી રહ્યા છે, તહેવારો નજીક આવતા જ સિંગતેલના ભાવ ભડકે બર્યા છે. બે દિવસ બાદ આજે ફરી સિંગતેલના ભાવમાં રૂ.૩૦નો વધારો થતાં મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને સિંગતેલ ખાવું મુશ્કેલ બન્યું છે. સિંગતેલના ડબ્બાનો ભાવ રૂ.૩૧૦૦ને પાર પહોંચ્યો છે. સિંગતેલના ભાવમાં વધારો થતાં ગૃહિણી અને સામાન્ય લોકોને ફરી એકવાર મોંઘવારીનો માર સહેવાનો વારો આવ્યો છે.

તહેવારોની પૂર્વે ખાદ્યતેલના ભાવમાં ૩૦ ટકાનો વધારો છે. સિંગતેલના ડબ્બાનો ભાવ રૂ.૩૧૦૦ને પાર પહોંચ્યો છે. જ્યારે કપાસિયા તેલમાં એક મહિનામાં ૧૦૦ રૂપિયાનો અને સોયાબીન તેલમાં પણ એક મહિનામાં ૧૦૦ રૂપિયાનો વધારો થયો છે. હાલ કપાસિયા અને સોયાબીન તેલના ડબ્બાનો ભાવ રૂ.૧૭૦૦ને પાર બોલાઈ રહ્યો છે. તેલના ભાવમાં એવરેજ ૩૦ ટકાનો વધારો નોંધાયો છે. તહેવાર ટાણે જ તેલના ભાવ ઊંચકાયા જનતાના શીરે મોંઘવારીનો ભાર આવ્યો છે. જુલાઈ બાદ હવે ઓગસ્ટમાં પણ ખાદ્યતેલમાં તેજી અટકવાનું નામ નથી લેતી. સિંગતેલના ભાવ ઊંચા બોલાઈ રહ્યા છે, જ્યારે મગફળીમાં ભાવમાં સામાન્ય વધઘટ રહી છે. યાર્ડમાં જાડી મગફળીમાં દૈનિક ૨૮૦ ક્વિન્ટલ અને ઝીણી મગફળીમાં ૧૪૦ ક્વિન્ટલની આવક થઈ છે. હાલ અત્યારે ખેડૂતો પાસે માત્ર ૧૦ ટકા જેટલી જ મગફળી રહી છે. તહેવારને કારણે સિંગતેલમાં ડિમાન્ડ વધારે છે, પરંતુ જેની પાસે મગફળી છે એ જરૂર પૂરતી જ મગફળીનો જથ્થો રિલીઝ કરી રહ્યા છે. જેને કારણે મિલમાં પિલાણ માટે મગફળી ઓછી આવી રહી છે. તહેવારોમાં સિંગદાણામાં પણ ડિમાન્ડ રહેતાં ભાવ રૂ.૨૨૨૫ થયા છે.

ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદના કારણે ઉનાળુ પાક નિષ્ફળ ગયો છે. જેના કારણે મગફળીના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં મગફળીના ભાવો પણ ઓલ ટાઈમ હાઈ છે. ગયા વર્ષે ખેડૂતોને ઓપન માર્કેટ યાર્ડમાં જ ખૂબ સારા ભાવ મળ્યા હતા. તેના કારણે ખેડૂતોએ ટકાના ભાવે મગફળી વેચી ન હતી. જેનાથી આ વર્ષે નાફેડ પાસે મગફળીનો સ્ટોક નથી. એટલું જ નહીં મિલરો અને વેપારીઓનો મત છે કે હાલ ભાવ ઘટે તેવા કોઈ સંકેત નથી. વેપારીઓના મતે મગફળીનો ઉપયોગ ખારી સિંગ તેમ જ ફરસાણ બનાવતી કંપનીઓમાં વધી રહ્યો હોવાથી પુરવઠામાં પણ અછત વર્તાઈ છે.

## લંડન ચલી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી, જેમાં કાર પર સઘન સમારકામ અને ૭૩ વર્ષીય વિન્ટેજ સુંદરીને સફર માટે તૈયાર કરવા માટે વિશ્વભરમાંથી દુર્લભ સ્પેરપાર્ટ્સ મેળવવાનો સમાવેશ થાય છે. અમદાવાદથી શરૂ થઈને આ અભિયાન સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેશે, મુંબઈ ગયા બાદ આ રોડ ટ્રીપમાં દુબઈ, ઈરાન, અઝરબૈજાન, જ્યોર્જિયા, તુર્કી, બલ્ગેરિયા, નોર્થ મેસેડોનિયા, અલ્બેનિયા, મોન્ટેનેગ્રો, ક્રોએશિયા, ઈટલી, સ્વિટ્ઝરલેન્ડ, લક્ઝમબર્ગ, જર્મની, બેલ્જિયમ અને ફ્રાન્સનો સમાવેશ થાય છે. આ અભિયાન લગભગ ૫૦ દિવસ ચાલવાની ધારણા છે કારણ કે ટીમ દરરોજ આશરે ૨૦૦-૨૫૦ કિમીનું અંતર કાપવાનું લક્ષ્ય રાખે છે. આ સફર માત્ર વિન્ટેજ કાર વિશે નથી, પરંતુ નાગરિકોના ચહેરા પર સ્મિત ફેલાવવું, સંબંધો બનાવવા અને વિશ્વ એકતાને પ્રોત્સાહન આપવા તેમાં પ્રયાસ કરાશે.

## ખતરો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના મુખ્યમાર્ગો આસપાસ વનવિભાગ દ્વારા સિમેન્ટના થાંભલાવાળી ફેન્સીંગ કરવામાં આવી છે. જયારે અગાઉ કેટલાક ઠેકાણે લોખંડના એંગલવાળી ફેન્સીંગ પણ તૈયાર કરાઇ હતી. પરંતુ હાલની સ્થિતિએ શહેરના માર્ગોની આસપાસ સ્થિત વન વિસ્તારમાં મોટાભાગની ફેન્સીંગ તુટેલી જોવા મળે છે. વન વિસ્તારની ફેન્સીંગમાં એક સાંધો ત્યાં તેર તુટે તેવી સ્થિતિ સર્જાય છે. છાશવારે ફેન્સીંગ તુટી જાય છે. એકબાજુ શહેરની રોનક અને હરિયાળી નિખારવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પરંતુ વન આરક્ષિત વિસ્તારની હાલત અત્યંત કંગાળ જોવા મળી રહી છે. જેના લીધે આ વિસ્તારમાં રોપાઓની જાળવણી અને ઉછેર કરવાનુ પણ મુશ્કેલ બનતુ જાય છે. શહેરના ઉભા અને આડા માર્ગો આસપાસ વન વિસ્તારની જગ્યામાં કરવામાં આવેલી ફેન્સીંગમાં ઠેર ઠેર ગાબડા જોવા મળે છે. જેના લીધે વનવિસ્તારની આ જગ્યામાં રખડતા ઢોરનો અડ્ડો જોવા મળે છે. નીલગાય માટે પણ આ વિસ્તાર ફેવરિટ બનતો જાય છે. જેના લીધે લીમડાના રોપાઓ લાંબો સમય ટકતા નથી. જયારે ઘણાં ઠેકાણે ઝુંપડા અને લારી ગલ્લાના દબાણોએ અડીંગો જમાવ્યો છે. જેથી ગંદકીની સમસ્યા પણ હઠીલી બની છે. વનવિસ્તારમાં ફેન્સીંગની કામગીરી માટે પુરતુ બજેટ ફાળવવામાં ન આવતુ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. જયારે અગાઉ હાથ ધરાયેલી ફેન્સીંગની કામગીરીમાં પણ ગુણવત્તાનો અભાવ વર્તાઇ રહ્યો છે. મુખ્ય માર્ગોના રીસરફેસીંગ તેમજ બ્યુટીફિકેશન પાછળ પણ મોટો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. ત્યારે આસપાસના વિસ્તારમાં કંગાળ અને ચિથરેહાલ જોવા મળતી ફેન્સીંગ સ્માર્ટ સીટીની ઓળખ માટે બિહામણી પુરવાર થઇ રહી છે. વારંવાર ફેન્સીંગ તુટી જાય છે જયારે થાગડ થીગડ કરવામાં પણ ભલેવાર આવતો નથી આ દરમિયાન અનેક સમસ્યાઓ પણ આ ઠકાણે પાંગરતી જાય છે. વનતંત્ર દ્વારા અગાઉ નિર્માણ કરાયેલી ફેન્સીંગ વારંવાર તુટી જતા એક જટીલ સમસ્યા ઉદભવી છે. ત્યારે હવે નવી ફેન્સીંગ તૈયાર કરવાની યોજના અન્વયે સ્માર્ટ લુક આપતી ગ્રીલ મુકવાની અનિવાર્યતા છે. શહેરના સે-૧૭ સ્થિત એકઝિબ્યુશન સેન્ટર વિસ્તાર નજીક કોર્પોરેશન દ્વારા આ પ્રકારની નમુનારૂપ ગ્રીલ ફીટ કરવામાં આવી છે. અંદરની સાઇડમાં હરિયાળી નિખારવા પ્લાન્ટેશન પણ કરવામાં આવ્યુ છે. અંદાજિત ૪૫૦ મીટરના વિસ્તારમાં આ ગ્રીલ નાંખવા માટે રૂ ૧૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ પ્રદર્શન ગેલેરી બહારના વિસ્તારમાં ફીટ કરવામાં આવેલી આ ગ્રીલનો લુક અને મજબુતાઇ પણ સ્માર્ટ સીટીને છાજે તેવી છે. વનતંત્રએ પણ શહેરના મુખ્યમાર્ગોની આસપાસ વર્ષો સુધી ટકી શકે તેમજ કુમળા રોપાઓનુ યોગ્ય જતન અને સંરક્ષણ થાય તેવા આશયથી આ પ્રકારની કામગીરી હાથ ધરવી જોઇએ તેવી લાગણી અને માંગણી પણ પ્રબળ બની છે.

## વરસ્યા નહી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટકા રહ્યુ હતુ. સેકટરોમાં ભીંજારાના માહોલ વચ્ચે વરસાદી સમસ્યાઓ યથાવત છે. શેરી સફાઇના અભાવ વચ્ચે ઠેર ઠેર ગંદકી છે. જયારે ઉબડ ખાબડ માર્ગો પણ સ્થાનિકો માટે પરેશાનીનુ કારણ બન્યા છે. આ સ્થિતિ વચ્ચે વરસાદી પાણીના ખોબોચિયા ઉભરાયા બાદ છેલ્લા કેટલાક સમયથી મચ્છર ઉત્તપત્તિ સ્થાનો વધી ગયા છે. જેના લીધે બદલાતા મોસમની અસર વચ્ચે વાયરલ બિમારીઓ સાથે મચ્છરજન્ય મેલેરિયા તેમજ ડેન્ગ્યુ સહીતના કેસ વધી રહ્યા છે.

## તોડી પડાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કક્ષાના ૧૦૦ જેટલા આવાસો તોડવા માટે તંત્રએ વિભાગને દરખાસ્ત કરી હતી જેના અનુસંધાને હવ વિભાગ કક્ષાએથી દરખાસ્તને મંજુરી આપી દેવામાં આવી છે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર સે-૧૭ માં જ કક્ષાના ૧૦૦ જેટલા મકાનો તોડી નાંખવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. ટુંકમાં આવાસો તોડવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવશે.

## ફોરલેન કરવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક દાયકાથી વાહનોની સંખ્યા વધી ગઇ છે. જયારે શહેરમાં પણ મેગાસીટીની જેમ ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચેના રોડ નેટવર્કને અનુલક્ષીને પણ રૂટમાં આવતા વિવિધ જંકશન પર ઓવરબ્રિજ તૈયાર કરવામાં આવ્યા છે. જેના લીધે ટ્રાફિકની અવરજવર સરળ બની છે. આ ઉપરાંત જિલ્લામાં પણ માર્ગોની દશા સુધારવા ઉપરાંત વાઇડનીંગના કામો તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યા છે. છેલ્લા ઘણાં વર્ષોથી માર્ગોનુ રોડનેટવર્ક અપગ્રેડ ન થતા સ્થાનિકો કક્ષાએથી પણ આ મામલે અવારનવાર રજુઆતો કરવામાં આવતી હતી. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલના પ્રયાસથી આખરે આ કામને મંજુરી આપી દેવામાં આવી છે. જે અન્વયે રાંધેજા થી બાલવા અને બાલવાથી માણસાના કુલ ૧૬ કી મીના માર્ગનુ વાઇડનીંગ કરવામાં આવશે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૮૦ કરોડનો ખર્ચ કરાશે. હાલ આ માર્ગ સાંકડો છે. જયારે હવે તેને ફોરલેન કરવામાં આવશે માર્ગ સાંકડો હોવાના લીધે ટ્રાફિકની અવરજવરથી ધમધમતા આ રૂટમાં નાના મોટા અસસ્માતનો પણ ખતરો પણ ટાળી શકાય તેમ નથી. જયારે આ માર્ગને ૧૮ મીટર પહોળો કરવામાં આવશે જેમાં વચાળે સેન્ટ્રલ વર્જને અનુલક્ષી જગ્યા પણ રાખવામાં આવશે માર્ગ વાઇડનીંગની સાથે રોડ ફર્નિચરનુ કામ પણ હાથ ધરવામાં આવશે. આ માર્ગની કામગીરી પણ પણ ત્વરિત અસરથી પુર્ણ થાય તે મુજબ આયોજન કરવામાં આવ્યુ છે. આગામી રવિવારે કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમિત શાહ દ્વારા કામગીરીને અનુલક્ષીને ખાતમુહુર્ત પણ કરવામાં આવશે.

## અનુરોધ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સપનાનું માત્ર ગુજરાત જ નહીં, સમગ્ર હિન્દુસ્તાન બનાવી શકીશું.

પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના ઉત્પાદનોના વેચાણ માટે માર્કેટની સુદ્રઢ અને સુનિશ્ચિત વ્યવસ્થા કરવા તથા દર મહિને એ વ્યવસ્થાની સમીક્ષા કરવા કલેકટર્સ-જિલ્લા વિકાસ અધિકારીઓને અનુરોધ કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, જિલ્લા અને તાલુકા કક્ષાએ દર અઠવાડિયે રવિવાર અને ગુરુવારે પ્રાકૃતિક બજાર ભરાય એ સુનિશ્ચિત કરીએ. ૧૦-૧૦ ગામોના ક્લસ્ટર્સમાં ખેડૂતોને તાલીમ આપી રહેલા કૃષિ વિભાગના કર્મચારી અને ખેડૂત જ પ્રાકૃતિક ખેત પેદાશોને પ્રમાણિત કરશે અને પ્રાકૃતિક ખેત પેદાશો જ પ્રાકૃતિક બજારમાં વેચાય તેની ખાતરી કરશે. તેમણે પ્રત્યેક તાલુકામાં પ્રાકૃતિક ખેતીના આદર્શ ફાર્મ બને એવા પ્રયત્નો કરવા અને મોડેલ ફાર્મ દ્વારા ખેડૂતોને પ્રેરણા આપવા પણ અનુરોધ કર્યો હતો. જો પ્રમાણિકતાપૂર્વક આ દિશામાં આપણે આ ગતિથી કામ કરીશું તો આગામી બે વર્ષમાં આપણે આપણા ગુજરાતને સો એ સો ટકા ઝેરમુક્ત ગુજરાત બનાવી શકીશું.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ગુજરાત વિદ્યાપીઠના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો અને ક્લસ્ટર્સ આધારિત તાલીમ અભિયાનથી દર મહિને સરેરાશ ૩ લાખ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ રાજ્ય સરકાર વિનામૂલ્યે આપે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ આવનારી પેઢીના કલ્યાણ માટે પ્રાકૃતિક ખેતી પદ્ધતિનો વ્યાપ વધારવા પ્રતિબદ્ધ છે ત્યારે તમામ કલેકટર્સ અને ડીડીઓ આ ઈશ્વરીયકાર્યમાં પ્રમાણિકતાપૂર્વક સક્રિયતાથી જોડાશે તો આપણી આવનારી પેઢીને, લોકોના સ્વાસ્થ્યને, ધરતી માતાને, ગાય માતાને અને પર્યાવરણને બચાવી શકીશું. ખેડૂતોની આવક બમણી કરી શકીશું. ભારતની ભૂમિને સશ્ય શ્યામલામ્ બનાવી શકીશું.

## વિઝન નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચૂક્યુ છે અને ૨૦૨૪ પછી અમે જ્યારે સરકાર બનાવશુ ત્યારે તે પાંચ વર્ષમાં અમે ભારતને આર્થીક રીતે વિશ્વના પ્રથમ ત્રણ દેશોમાં લાવી દઈશુ એની મને શ્રદ્ધા છે. વિપક્ષો ઉપર પ્રહાર કરતા નરેન્દ્ર મોદીએ કહ્યુ કે વિપક્ષો અવિશ્વાસુ છે. મણીપુરની ઘટના સંદર્ભે નરેન્દ્ર મોદીએ કહ્યુ કે અમારા ચારસો કાર્યકરો મણીપુરમાં ગયા છે અને રહે છે અને દરેક જિલ્લામથકે અમારા પ્રતિનિધિઓ બેઠા છે. આ માત્ર આંકડા નથી પણ અમારી સાધના છે. નોર્થ ઈષ્ટના રાજ્યોની વાત કરતા નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે રામ મનોહર લોહીયાએ આ સદનમાં જણાવ્યુ હતુ કે કોંગ્રેસ સરકાર નોર્થ ઈષ્ટ રાજ્યોનો વિકાસ નથી કરતી. જ્યારે અમારી માટે નોર્થ ઈષ્ટના રાજ્યો જીગરનો ટુકડો છે. હુ પોતે એ રાજ્યોમાં પચાસથી વધુ વખત ગયો છુ અને તેના વિકાસ માટે અમે કટિબદ્ધ છીએ. કોંગ્રેસ પક્ષની આલોચના કરતા નરેન્દ્ર મોદીએ કહ્યુ કે તેમની પાસે નીતિ, નિયત કે વિઝન કશુ જ નથી તેમનો એકમાત્ર એજંડા નરેન્દ્ર મોદીની કબર ખોદવાનો છે. પોતાના પ્રવચનને અંતે નરેન્દ્ર મોદીએ ભાવપુર્વક જણાવ્યુ હતુ કે મારા જીવનની ક્ષણ ક્ષણ, મારા શરીરનો કણ કણ આ દેશ માટે છે.

કોંગ્રેસની કરૂણ સ્થિતિ બયાન કરતા નરેન્દ્ર મોદીએ જણાવ્યુ હતુ કે કોંગ્રેસે છેલ્લી જીત તામીલનાડુમાં ૧૯૬૨માં, બંગાળમાં ૧૯૭૨માં, ઉત્તરપ્રદેશમાં ૧૯૮૫માં, ત્રિપુરામાં ૧૯૮૮માં, ઓરિસ્સામાં ૧૯૯૫માં અને નાગાલેન્ડમાં ૧૯૮૮માં મેળવી હતી. એ રીતે જોઈએ તો આ રાજ્યના લોકોએ તો વર્ષો અગાઉ કોંગ્રેસ સામે અવિશ્વાસ વ્યક્ત કરી દીધો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનુ પ્રવચનના એક કલાક અને દસ મીનીટ પછી વિરોધ પક્ષોએ વોકઆઉટ કર્યુ હતુ. વડાપ્રધાનનું પ્રવચન પુરૂ થયા પછી સરકાર સામે મુકાયેલી અવિશ્વાસની દરખાસ્તનો ધ્વનિમતથી અશ્વિકાર કરવામાં આવ્યો હતો.

## સંસદ ભંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. સંસદનો પાંચ વર્ષનો કાર્યકાળ અધિકૃત રીતે ૧૨ ઓગસ્ટે પૂરો થવાનો હતો. અત્રે જણાવવાનું કે શાહબાજ શરીફે રાષ્ટ્રપતિ અલ્વીને પત્ર લખીને સંસદને ભંગ કરવાની ભલામણ કરી હતી. આર્ટિક ૫૮ હેઠળ જો રાષ્ટ્રપતિ સંસદ ભંગ કરવા માટે પ્રધાનમંત્રીની ભલામણના ૪૮ કલાકની અંદર એસેમ્બલી ભંગ ન કરે તો તે આપોઆપ ભંગ થઈ જશે.

બંધારણ મુજબ શાહબાજ શરીફ અને નેશનલ એસેમ્બલીના નેતા વિપક્ષની પાસે કેર ટેકર પ્રધાનમંત્રીના નામને અંતિમ સ્વરૂપ આપવા માટે ત્રણ દિવસનો સમય છે. જો કેરટેકર પ્રધાનમંત્રી માટે કોઈ નામ પર સહમતિ ન બને તો અસેમ્બલી સ્પીકર દ્વારા બનાવવામાં આવેલી સમિતિની સમક્ષ આ મામલાને મોકલવામાં આવશે. આ સમિતિ ત્રણ દિવસની અંતર વચગાળાના પ્રધાનમંત્રીના નામ પર મહોર લગાવશે.

## વેચાણ થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૫ ઓગસ્ટથી બિનભારતીય મેચોની ટિકિટોનું વેચાણ શરૂ થશે. ભારતની મેચોની ટિકિટ ૩૦ ઓગસ્ટથી ૩ સપ્ટેમ્બર સુધી ઉપલબ્ધ રહેશે, જ્યારે સેમિફાઈનલ અને ફાઈનલની ટિકિટ ૧૫ સપ્ટેમ્બરથી ખરીદી શકાશે.

## અકસ્માતમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

કારમાં કુલ પાંચ લોકો મુસાફરી કરી રહ્યા હતા, જેમાંથી તમામ પાંચના મોત થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર કારમાં સવાર તમામ ગુજરાતના રહેવાસીઓ હતા.પાંચેય મૃતક યુવકો ઉત્તર ગુજરાતના ચૌધરી સમાજના હતા કેએમપીએક્સપ્રેસ વે પર ફરી એકવાર સ્પીડનો કહેર જોવા મળ્યો છે. અહીં એક ઝડપી ક્રેટા કાર અને ટ્રક વચ્ચે આ ભયાનક માર્ગ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા હતા.આ અકસ્માત બાદલી અને બુપાનિયા ગામ વચ્ચે કેએમપી એક્સપ્રેસમાં થયો હતો.